# દેવીસ્થાનકઃ રાજ રાજેશ્વરી મહાલક્ષ્મી મંદિર



**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

કાંઈક એવી સિદ્ધિ અને સાધનાઓ માટેની કૃતિઓ અમારા સનાતન ધર્મના વડિલોએ ઋષિમુનિઓએ લખીને મુકી છે જે માનવીના કલ્યાણ માટે હંમેશ માટે ઉપયોગી છે અને એવો પારમાર્થિક પુરુષાર્થ કરવા માટે કોઇ સાધના સંપન્ન પવિત્ર શુદ્ધ અંતઃકરણવાળા પુણ્યાત્માનો જન્મ આવશ્યક હોય છે.

અને વિધિના સંકેતાનુસાર સન 1920ના છ ઓગસ્ટે એ પુર્વ પુણ્યાઇસાથેનો પરોપકારી, નિર્મોહી, નિરેચ્છ, નિરહંકારી, સનાતન ધર્મ પ્રેમી, શક્તિદેવીનો ઉપાસક જન્મ્યો. નામે પુનમચંદ માધવલાલ શાહ.

અસ્તિકતાના સર્વાધિક ગુણોથી એ બાળકનું મુખ કમલ સતેજ અને સર્વને આકૃષ્ઠ અને મોહિત કરનારું હતું. બાળપુનમચંદની બાળલીલાઓ પણ ધાર્મિકતાને પોષક અને ગુણકારી હતી. દેવી ભકત પૂનમચંદને દેવી મહાલક્ષ્મીપ્રત્યે અપરંપાર શ્રદ્ધા હતી. સાત્વિક વિશ્વાસ હતો તે શિક્ષણમાં આગળ વધ્યા અને સાથે સાથે હિન્દુ ધર્મનું તત્વજ્ઞાન, દેવી દેવતાઓની ગાથાઓનો યથોચિત અભ્યાસ કર્યો. સંસારિક જવાબદારી સંભાળીને સંત જેવું સાદુ નિર્મળ જીવન અંગિકારીને સાંસારિક સંત જેવા બની ગયા. આજ્ઞાકિત પુત્રોનો સાથ મળ્યો.

ત્રિદેવ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, અને ત્રિદેવી-શક્તિદેવી શ્રી મહાલક્ષ્મી, શ્રી મહાકાલી, શ્રી મહાલક્ષ્મી, શ્રીમહાકાલી, શ્રીમહાસરસ્વતીના સમાજ ઉપકારક, કલ્યાણકારી અવતાર કાર્યોથી ખૂબ પ્રભાવિત થયા. સાંપ્રત સમાજની સ્થિતિ, દુઃખો, સમસ્યાઓ પીડા જોઇને તેના પરના સશકત ઉપાયો શોધવા મનોમંથન કરવા લાગ્યા. પોતે કરેલું ગ્રંથ વાચન, દેવીદેવતાઓએ કરેલ મનુષ્યો માટેનું ઉપકાર અવતાર કાર્યો જોઇને ત્રિપુટા સુંદરી શ્રી મહાલક્ષ્મી માતાનું ભવ્ય લાક્ષણિક સર્વ આત્મિક સુખ આપનારું સ્થાન મંદિર ઊભું કરનારો શ્રેષ્ઠ અધ્યાત્મિક વિચાર એમના મનમાં સ્થાઇ થયો.

સમાજનો માણસ જે આધિ, વ્યાધિ ઉપાધિઓ ત્રસ્ત અને ગ્રસ્ત છે તે બધા ત્યપિડાઓથી મુકત બને, તેને મનની શાંતિ મળે, આત્મોન્નતિ થાય પૂર્ણ સુખથી માનવીનો સંસાર પ્રસન્ન બને. દૈવી પ્રચિતિનો અનુભવ કરે, જીવનમાં અંતે મોક્ષપ્રાપ્તિ મળે તે હેતુથી પારમાર્થિક માર્ગને અનુસરે. તેવા માટે શક્તિ સ્વરૂપા ત્રિદેવી મંદિર જ યોગ્ય ઉપાય છે એવું એમને અને એમના સહયોગીઓને અંતઃકરણ પુર્વક લાગ્યું.

'શ્રી મેરૂલક્ષ્મી યંત્ર આધારિત શ્રી રાજરાજેશ્વર મહાલક્ષ્મી મંદિરના અસ્તિત્વની કાર્ય પ્રણાલી શરૂ થઇ. રાંદેર રોડ તાડવાડી પરિસરમાં વિશાલ ભૂમિપર સન 1995ની સાલમાં માતાજીનું આ મંદિર સ્થાપિત થયું. આ વાસ્તુ શ્રી મેરૂલક્ષ્મી યંત્ર અનુસાર શાસ્ત્રોકત માર્ગ અનુસરીને બંધાયેલ છે. અને શ્રીયંત્ર મંદિરના ઉચ્ચારી આ સ્થાને મુકાયું છે. શિખરના ઉચ્ચતમ ટોચે રાખેલું શ્રીયંત્ર સુવર્ણ બિન્દુ ત્રિપુરા સુંદરીનું પ્રતિકરૂપ છે. મંદરિના મધ્યમ ભવ્ય કક્ષમાં ત્રણ મહાશક્તિઓ વિરાજમાન છે. મંદિર 108 પાખડીઓનો ભવ્ય સુંદર કમળપુષ્પ નિર્માણ કર્યું છે અને મધ્યમાં શક્તિમાતા મહાલક્ષ્મી 12 ભુમાઓમાં શસ્ત્ર અસ્ત્ર સાથે ઊભા છે. એમની જમણી બાજુમાં શ્રી મહાકાળી માતા ચતુર્ભુજા ઉભા છે અને ડાબી બાજુમાં શ્રી મહાસરસ્વતી માતા વીણા વાદ્ય સાથે ઊભા છે. અને ડાબી બાજુમાં શ્રી મહાલક્ષ્મીમાતા અને મહા સરસ્વતિમાતાશ્રીઓની મૂર્તિઓ ખૂબ જ પ્રસન્ન અતી સુંદર, વિલોભનીય મનભાવન બનાવી છે.

ભારતના સન્માનીત, ધર્માચાર્ય શંકરાચાર્યના માર્ગદર્શન હેઠળ દક્ષિણાભિમુખ ઊભેલી ત્રણ શક્તિ દેવીની પ્રાણ પ્રતિષ્ઠા શાસ્ત્રોક્ત વેદોકત, પુરાણોકત રીતે કરીને ત્રિદેવી મહાશક્તિને સ્થાપન કરીને સમગ્ર મંદિર પરિસરને દેવત્વ પ્રાપ્ત કરાયું છે. જેથી દર્શનાર્થી લાભદાયી બન્યો છે. મંદિરની અનેક વિશેષતા છે. તેના પરચાઓ મળે છે. તેના વિશે આપણે જાણીશું આવતા અંકે. મંડળની સ્થાપના પબ્લીક ટ્રસ્ટ રજી ઇ-1500, સુરત થઇ છે. મંડળ વ્યવસ્થાપન કાર્ય કરે. આ ચૈત્ર નવરાત્રિ મહોત્સવમાં ભકતોએ મેરૂમહાલક્ષ્મીનો દર્શન લાભ લીધો છે. મનઃશાંતિ અને સંસારિક સુખાકારી દર્શનથી પ્રાપ્ત થાય છે.

> દેવી ભકત પૂનમચંદને દેવી મહાલક્ષ્મીપ્રત્યે અપરંપાર શ્રદ્ધા હતી. સાત્વિક વિશ્વાસ હતો તે શિક્ષણમાં આગળ વધ્યા અને સાથે સાથે હિન્દુ ધર્મનું તત્વજ્ઞાન, દેવી દેવતાઓની ગાથાઓનો યથોચિત અભ્યાસ કર્યો

# ભગવાન બુધ્ધ

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**



ભગવાન બુધ્ધનું બાળપણનું નામ હતું સિદ્ધાર્થ. તેમના પિતાનું નામ શુધ્ધોધન હતું જેઓ કપિલ વસ્તુના રાજા હતા. રાજકુમાર સિદ્ધાર્થ અતિ વૈભવમાં ઉછર્યા. રાજકુમાર હોવાથી ઋતુ પ્રમાણે અલગ-અલગ મહેલની સગવડ કરવામાં આવી હતી. એક દિવસ નગરમાં ફરવાની ઈચ્છા થઈ. ભવિષ્યવેત્તાના જણાવ્યા પ્રમાણે કે તમારો પુત્ર ચક્રવર્તી સમ્રાટ થશે કાં સંન્યાસી થઈ જશે. પિતાને ચિંતા થઈ અને દીકરો બહારની દુનિયાથી પરિચિત ન થાય તે માટે મહેલની દીવાલોને ઊંચી બનાવી પણ કુદરતની યોજના જુદી જ હતી. નગરમાં ફરવાની સિદ્ધાર્થની ઈચ્છાએ એમનું સમગ્ર જીવન બદલી નાંખ્યું ! તેમણે નગરમાં ફરવા નીકળ્યા ત્યારે બીમાર, વૃધ્ધ અને મરેલા માણસને જોયા. એમણે સારથિને પૂછયું કે આ કોણ છે ? કહ્યું -આ બીમાર છે. પૂછયું -આટલા સ્વસ્થ શરીરને પણ રોગ થઈ શકે છે ? આટલું સુંદર શરીર વૃધ્ધ થાય ? દરેકે મરવું પણ પડે છે ? સારથિએ કહ્યું આ અનિવાર્ય સત્ય છે. ત્યારે તેઓ આ દુઃખનો ઉપાય શોધવા, લોકકલ્યાણ માટે પત્ની અને બાળકને છોડી નીકળી પડયા. ભૂખ ક્રાંતિને જન્માવે પણ મહાપુરૂષોની આવી કરૂણા જ શાંતિનું સ્થાપન કરી શકે. વૈશાખ સુદ પૂર્ણિમા એટલે બુધ્ધ જયંતિ. પીપળાના વૃક્ષ નીચે બોધિગયામાં તપ કરી જ્ઞાનનો પ્રકાશ સમગ્ર વિશ્વમાં ફેલાવ્યો ભગવાન બુદ્ધે તેમના જીવન કાળમાં સત્ય, અહિંસા, કરૂણા, મૈત્રી જેવા ભાવોને મહત્ત્વ આપ્યું. તેઓ કહેતા કે ક્રોધ છોડી કરૂણા પ્રગટાવો. અસત્ય અને દંભ છોડી સત્ય આરાધો. વેર-ઝેરના વાવેતર છોડી પ્રેમની સરવાણી વહાવો. તે સમયે યજ્ઞમાં થતી હિંસાને રોકવાના તેમના પ્રયાસો હતા. તેમણે કરૂણા ભાવને કેન્દ્રમાં રાખ્યો. સુંદર પંકિતઓનું સ્મરણ થાય છે કે જેમણે કરૂણા તરછોડી, તેની કિંમત ફૂટી કોડી. મૃગજળના દરિયાને તરવા મૂરખ હોય એ બાંધે હોડી. બુધ્ધની આંખમાં દૃષ્ટિ કરશો તો તમને કરૂણાનાં દર્શન થશે. ભગવાન બુદ્ધે પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રી ભાવની વાત પણ કરી. તેઓ કહેતા કે મૈત્રીની ધારા હંમેશા પ્રવાહિત રહેવી જોઈએ. તમારું મન ધરતીની જેમ દૃઢ અને નદીનાં નીરની જેમ ગંભીર રહેવું જોઈએ. જો તમે મૈત્રીપૂર્ણ સ્વભાવ રાખશો તો કોઈપણ વ્યકિત તમારી જોડે અપ્રીતિકર વર્તન કરે તો પણ તમે વિચલિત થશો નહીં. બૌધ્ધધર્મ જગતમાં એટલે જ મહાન છે કે એમાં શાંતિ, સંવેદના અને પ્રેમનો બોધ છે. ફક્ત ભારત જ નહીં વિશ્વના અનેક દેશોમાં બુધ્ધ પૂર્ણિમા ઉજવવામાં આવે છે. જેમ કે -ચીન, નેપાળ, સિંગાપોર, વિયેતનામ, થાઈલેન્ડ, જાપાન , કંબોડિયા, મલેશિયા, શ્રીલંકા, મ્યાનમાર, ઈંડોનેશિયા, વિશ્વના અનેક દેશો બૌધ્ધ ધર્મનું પાલન કરે છે. બહારની વ્યર્થ લડાઈઓ લડતાં જગતને સહુ પ્રથમવાર ભગવાન બુધ્ધે અંદરની લડાઈ લડવાનો સંદેશ આપ્યો. આ લડાઈ શસ્ત્રોથી લડવાની નથી. શાસ્ત્રોથી જીતવાની હતી. શત્રુઓ બહાર ના નહતા અંદરના જ હતા. વેર સામે પ્રેમનું અસ્ત્ર ઉપાડવાનું હતું. ક્રોધ સામે શાંતિનું, હિંસાની સળગતી જવાળાઓ પર અહિંસાની શીતલ જલધારાનો અભિષેક કરી મૈત્રીનું અખંડ અમી ઝરણું વહાવવાનું ભગવાન બુધ્ધે જગતને શીખવ્યું જીવનને ઉર્ધ્વગામી બનાવવા તેમણે મૈત્રી, કરૂણા, મુદિતા અને ઉપેક્ષાના પગથિયાં ચડતાં ક્રમમાં ચીંધી બતાવ્યા. મૈત્રી માત્ર ગમતા સાથે નહીં, સમગ્ર માનવ જાતથી માંડીને અબોલ પ્રાણીઓ સુધી વિસ્તારવાની આમાં વાત હતી. વેર અને દ્વેષની આગને ઓલવી નાંખવાની અહીં વાત હતી. કરૂણાની વાત આવી એટલે ભીનાશ અને આર્દ્રતા તેની સાથે આવીને આપોઆપ બેસી ગઈ. આ જગતના સર્વજીવોના ભલામાં જ મારું ભલું રહેલું છે. એવી શ્રદ્ધા બુદ્ધની કરુણામાં રહેલી છે. આજની યુદ્ધ ગ્રસ્ત અને અશાંતિથી ભરેલી દુનિયાને કરુણાની જરૂર છે. તેથી જ કહેવાય છે કે - 'જગતને આજે યુદ્ધની નહીં, બુદ્ધની જરૂર છે' બુદ્ધ કહે છે- પોતાનો દીવો સ્વયં બનો. આપણે બુદ્ધ નથી, બનવાનું બુદ્ધ બનવાનું છે. ભગવાન શંકરાચાર્ય કહે છે કે પૂર્ણ બનો. ભગવાન બૌદ્ધ કહે શૂન્ય બનો. કહેવાની પદ્ધતિ અલગ છે પણ આશય એક જ છે. ભગવાન શ્રીકૃષ્ણ જે વાત કહે તે જ "મધ્યમ માર્ગ"ની વાત બુદ્ધની પણ છે. શ્રીકૃષ્ણ કહે છે કે- અતિ ખાવું નહીં, અતિ ભૂખ્યા ન રહેવું, અતિ ઊંઘ નહીં, અતિ ઉજાગરા નહીં તે જ વાત બુદ્ધની પણ છે. એક દૃષ્ટાંત જોઈએ-રાજકુમાર શ્રોણ ભગવાન બુદ્ધનો શિષ્ય હતો. તેણે વિચાર્યું કે રાજકુમારના રૂપમાં આ શરીરે ખૂબ સુખ ભોગવ્યું હવે કઠોર તપશ્ચર્યા કરવી. શ્રોણે કઠિન નિયમો પાળવા માંડયા શરીરને અતિ કષ્ટઆપવા લાગ્યો તો સાથી મિત્રોએ આ જોયું સમજાવ્યો ન માન્યો તો એમણે આ વાત ભગવાન બુદ્ધને કરી. બુદ્ધ શ્રોણને બોલાવ્યો. કહ્યું, સાંભળ્યું છે કે તું સુંદર વીણા વગાડે છે. અગાઉ ભગવાન ભિક્ષા માટે નીકળતા ત્યારે શ્રોણને વીણા વગાડતા સાંભળ્યો હતો. ભગવાને કહ્યું- શ્રોણ તું વીણાના સ્વરને કાઢવા શું કરતો? વીણાના તારને કચકચાવીને બાંધી દેતો? પોતાની રસની વાત સાંભળી શ્રોણે કહ્યું- ના, જો વીણાના તારને કચકચાવી બાંધી દઈએ તો સુંદર સ્વર કયાંથી નીકળે? બુદ્ધ કહે- તો વત્સ, તારને ઢીલા મૂકી દેવાના? ના, ગુરુદેવ જો તાર ઢીલા મૂકવામાં આવે તો પણ વાત ન બને તો શું કરવાનું જેથી યોગ્ય સ્વર નીકળે? શ્રોણ બોલ્યો- ના તાર કચકચાવીને બાંધવાના ના તો ઢીલા મૂકવાના સ્વરને ઝંકૃત કરવા વીણાના તારને ન ઢીલા ન કચકચાવીને રાખવાના. જો તેમ કરીએ તો જ યોગ્ય સૂર નીકળે. હવે વાત પાટે આવી જાણી બુદ્ધ કહ્યું- વત્સ, હું પણ તને આજ કહેવા માંગુ છું. કે જીવન વીણાના તારને કઠોર તપશ્ચર્યા થી બાંધવાના નતી કે સ્વચ્છંદ બનીને ઢીલા છોડવાના નથી જીવનને મધ્યમમાર્ગથી જીવવાનું છે 'અતિ' છોડીને. તો જીવન વીણામાંથી સુમધુર સંગીતની સુરાવલિ પ્રગટશે. અને શ્રોણને વાત સમજાઈ ગઈ. આજે આટલાં વર્ષો પછી પણ ભગવાન બુદ્ધની વાત યથોચિત લાગે છે. જો આવા મહાપુરૂષોની વાત માનીશું તો જીવન શાંતિપૂર્ણ બનશે. શાંતિની શોધમાં ભટકવું નહી પડે. આંતરિક શત્રુઓ પર વિજય મેળવી વિકાસના પંથે પ્રયાણ કરીએ એ જ પ્રાર્થના સહ- (પૂ. રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈ)ના સત્સંગને આધારે)

> આજની યુદ્ધ ગ્રસ્ત અને અશાંતિથી ભરેલી દુનિયાને કરુણાની જરૂર છે. તેથી જ કહેવાય છે કે - 'જગતને આજે યુદ્ધની નહીં, બુદ્ધની જરૂર છે'